# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરની સફળતાનો શ્રેય સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાધુનિક ટેકનોલોજી અને મેક ઇન ઇન્ડિયા પહેલને આપ્યો

2) પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં સંસદસભ્યો માટેના 184 બહુમાળી ફ્લેટ્સનું ઉદ્ઘાટન કરશે.

3) કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે રાજસ્થાનમાં 30 લાખથી વધુ ખેડૂતોને પાક વીમા દાવાઓની રકમનુ વિતરણ કરશે.

4) તુર્કીએના સિંદિરગીમાં 6.1ની તિવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા.

5) બોક્સિંગમાં, ભારતીય ખેલાડી નિશા અને મુસ્કાને બેંગકોકમાં અંડર 19 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - BENGALURU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરની સફળતાનો શ્રેય સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાધુનિક ટેકનોલોજી અને મેક ઇન ઇન્ડિયા પહેલની શક્તિને આપ્યો છે. બેંગલુરુમાં એક સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, સમગ્ર વિશ્વએ નવા ભારતનો નવો ચહેરો જોયો છે.

## (બાઇટ –PM ON SINDOOR )

ટેકનોલોજીમાં વધુ આત્મનિર્ભરતા માટે હાકલ કરતા, પ્રધાનમંત્રીએ "ઝીરો ડિફેક્ટ, ઝીરો ઇફેક્ટ" ઉત્પાદન ધોરણો પર ભાર મૂક્યો.

## (બાઇટ –PM ON ZERO)

શ્રી મોદીએ કહ્યું કે, બેંગલુરુએ ભારતને વૈશ્વિક આઇટી નકશા પર મૂક્યું છે, અને હવે, તેણે વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરવા માટે ઉભરતી તકનીકો અને ઉત્પાદનમાં નેતૃત્વ કરવું જોઈએ. પ્રધાનમંત્રીએ બેંગલુરુના યુવાનોને આઇટીથી લઈને સંરક્ષણ ઉત્પાદન સુધીના ક્ષેત્રોમાં દેશની પ્રગતિમાં તેમની ભૂમિકા બદલ પ્રશંસા કરી.

અગાઉ શ્રી મોદીએ બેંગલુરુમાં 22 હજાર કરોડ રૂપિયાથી વધુના મેટ્રો પ્રોજેક્ટ્સ નું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતા તેમજ બેંગલુરુથી બેલાગવી, અમૃતસરથી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અને નાગપુર (અજની) થી પુણે એમ ત્રણ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને પણ લીલી ઝંડી આપી હતી.

---

# PM-FLATS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં બાબા ખારક સિંહ માર્ગ પર સંસદ સભ્યો માટે બાંધવામાં આવેલા ૧૮૪ નવા ટાઇપ-7ના બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી રહેણાંક પરિસરમાં સિંદૂરનો છોડ પણ વાવશે. તેઓ શ્રમજીવીઓ સાથે વાતચીત પણ કરશે અને સભાને સંબોધિત કરશે.

---

# SHIVRAJ---CROP-INSURANCE

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે રાજસ્થાનના ઝુનઝુનુમાં 30 લાખથી વધુ ખેડૂતોને 3 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના પાક વીમા દાવાઓની રકમનુ વિતરણ કરશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે દાવાઓની ચુકવણી ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર -DBT દ્વારા  કરાશે.

આ કાર્યક્રમ દરમિયાન, મધ્યપ્રદેશના ખેડૂતોને 1 હજાર 156 કરોડ રૂપિયા, રાજસ્થાનના ખેડૂતોને 1 હજાર 121 કરોડ રૂપિયા, છત્તીસગઢના ખેડૂતોને 150 કરોડ રૂપિયા અને અન્ય રાજ્યોના ખેડૂતોને 773 કરોડ રૂપિયા  ચૂકવાશે. આ કાર્યક્રમમાં ઝુનઝુનુ, સીકર, જયપુર, કોટપુતલી-બેહરોર અને અન્ય જિલ્લાઓના ખેડૂતોની મોટી સંખ્યામાં જોડાશે, જ્યારે દેશભરના વિવિધ રાજ્યોના લાખો ખેડૂતો વર્ચ્યુઅલી માધ્યમથી જોડાશે.

---

# BIHAR-ECI-NOTICE

ચૂંટણી પંચે ભાજપના વરિષ્ઠ નેતા અને બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાને બે મતદાતા ફોટો ઓળખ- EPIC કાર્ડ રાખવા બદલ નોટિસ ફટકારી છે.

બિહારમાં બાંકીપુર અને લખીસરાય વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાં તેમનું નામ મળી આવ્યા બાદ, ચૂંટણી નોંધણી અધિકારીએ શ્રી સિંહાને આગામી 14મી તારીખ સુધીમાં વિગતો રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.આ અંગે શ્રી સિંહાએ કહ્યું કે તેમણે બાંકીપુર વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાંથી પોતાનું નામ દૂર કરવા માટે અરજી કરી દીધી છે.

દરમિયાન, આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવે પટણામાં પત્રકાર પરિષદમાં બે મતદાર ઓળખપત્ર રાખવા મુદ્દે વિજય કુમાર સિંહાની ટીકા કરી હતી.

---

# TIRANGA YATRA

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે ગુજરાતના સુરતમાં Y જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધીની તિરંગા પદયાત્રાને તિરંગો લહેરાવી પ્રસ્થાન કરાવી હતી. હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતાની વિષયવસ્તુ

સાથે યોજાયેલી આ યાત્રામાં 'ઓપરેશન સિંદૂર'ની ઝાંખી પણ જોવા મળી.અગ્નિશમન વિભાગના ૨૫૦ જવાનોએ ૧૨૦૦ મીટર લાંબો તિરંગો લહેરાવ્યો હતો

જમ્મુ અને કાશ્મીરમાં હર ઘર તિરંગા અભિયાન 2025 ના ભાગ રૂપે, રિયાસીમા કૌંસર નાગ યાત્રા દરમિયાન 11 હજાર 500 ફૂટની ઊંચાઈએ તિરંગો ફરકાવવામાં આવ્યો.

મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું. સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બહાદુર સૈનિકોના અતૂટ સમર્પણ, બલિદાન અને દેશભક્તિને માન આપવા મુંબઈના મલાડમાં એક ભવ્ય તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી.જેમા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

---

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરાઇ છે.

જ્યારે દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ, તેલંગાણા અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આજે ભારે વરસાદ પડવાની સંભાવના છે.

બીજી તરફ બિહાર, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઝારખંડમાં અલગ અલગ સ્થળોએ વાવાઝોડાની આગાહી કરાઇ છે.

---

# TURKEY-QUAKE

તુર્કીએના સિંદિરગીમાં 6.1ની તિવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા.તુર્કીની આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ જણાવ્યું  કે દેશના પશ્ચિમ ભાગના અનેક શહેરોમાં ભૂકંપ અનુભવાયો, જેમાં ઇસ્તંબુલ અને પર્યટન સ્થળ ઇઝમીરનો સમાવેશ થાય છે.

મીડિયા અહેવાલો મુજબ બાલિકેસિર પ્રાંતમાં અનેક ઇમારતો ધરાશાયી થઈ છે.  સોશિયલ મીડિયા પોસ્ટમાં, તુર્કીએના ગૃહમંત્રી અલી યેરલિકાયાએ જણાવ્યું  કે તમામ આપત્તિ વ્યવસ્થાપન ટૂકડીઓ અને સંબંધિત સંસ્થાઓ અસરગ્રસ્ત સ્થળોએ તૈનાત છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી કોઈ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી.

---

# U19 ASIAN BOXING CHAMPIONSHIPS

બોક્સિંગમાં, યુવા ભારતીય મહિલા બોક્સર નિશા અને મુસ્કાને ગઈકાલે બેંગકોકમાં અંડર 19 એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને પ્રભાવશાળી કૌશલ્યનું પ્રદર્શન કર્યું, જ્યારે અન્ય પાંચ બોક્સરોએ સિલ્વર મેડલ જીત્યા.

54 કિગ્રા વર્ગમાં, નિશાએ ચીનના સિરુઈ યાંગ પર 4:1 થી વિજય મેળવ્યો, જ્યારે 57 કિગ્રા વર્ગમાં મુસ્કાને કઝાકિસ્તાનની  અયાઝાન એર્મેકને 3:2 થી હરાવી.

સિલ્વર મેડલ વિજેતાઓમાં 75 કિગ્રામાં આરતી કુમારી, 80 કિગ્રામાં કૃતિકા વાસન અને 80થી વધુના વર્ગમાં પારચી ટોકાસનો સમાવેશ થાય છે.

પુરુષોની ફાઇનલમાં, રાહુલ કુંડુએ 75 કિગ્રા શ્રેણીમાં ઉઝબેકના ખેલાડી સાથે સંયુક્ત  જીત મેળવી એક મેડલ ઉમેર્યું છે.

ભારતીય બોક્સરોએ  આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં ત્રણ ગોલ્ડ, સાત સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા. આ સાથે દેશની કુલ ગોલ્ડ મેડલની સંખ્યા ૧૪ થઈ ગઈ છે.

---

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના વિવિધ અખબારોએ બિહાર મતદારયાદી,પ્રધાનમંત્રી મોદીએ ઓપરેશન સિંદુરની સફળતાનું શ્રેય સ્વદેશી ટેકનૉલોજીને આપ્યુ, પાકિસ્તાન સેના પ્રમુખનુ અણુ યુદ્ધ અંગેનું નિવેદન સહિતના સમાચારોને મુખ્ય શીર્ષક બનાવ્યા છે
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે બિહારની મતદાર યાદી માંથી નોટિસ વગર કોઈ નામ દૂર નહીં કરાય EC
- દિવ્ય ભાસ્કરે યાદીમાંથી દૂર કરેલા નામનું લિસ્ટ બનાવવા કે તેના કારણ જણાવવા બંધાયેલા નથી: પંચ-આ સમાચારને હેડલાઈન બનાવી છે
- ફૂલછાહેબનું મુખ્ય શીર્ષક છે પાક સેના પ્રમુખને અણુ યુદ્ધનો ભળભળ્યો
- ગુજરાત સમાચારે બોક્સમાં અમે ડૂબીશું તો દુનિયાને ડુબાડીશું અને પાક. પરમાણુ હુમલો કરવા સક્ષમ - મુનીરની ધમકી આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- સંદેશનું મુખ્ય શીર્ષક છે ઓપરેશન સિંદૂરની સફળતા આપણી ટેકનોલોજીને આભારી મોદી
- ગુજરાત સમાચાર ગુજરાતમાં ગન કલ્ચર પાંચ વર્ષમાં 5,000 થી વધુ એક ગન લાયસન્સ લીધા આ સમાચાર અહેવાલ સાથે છેલ્લા પાને પ્રકાશિત કર્યા છે
- ફૂલછાબે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દેવયાબાએ વર્લ્ડ એથ્લેટિક્સમાં સિલ્વર જીત્યો આ સમાચારને તસવીર સાથે છેલ્લા પાને પ્રકાશિત કર્યા છે.